# નગરમાં સતત ત્રીજા વર્ષે પ્રેરણા બાળરથયાત્રાનું આયોજન

## પ્રેરણા બાળરથયાત્રા શહેરના સૅક્ટર-૨, ૩, ૪, ૫ અને ૬માંથી પસાર થશે

ગાંધીનગર, તા. ૨

શહેરનાં નવાં સૅક્ટર્સમાં છેલ્લાં બે વર્ષથી જેનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે તે પ્રેરણા બાળરથયાત્રા આ વખતે સતત ત્રીજા વર્ષે પણ યોજાઈ રહી છે અને હવે તેનું સ્વરૂપ વિકસી પણ રહ્યું છે.

બે વર્ષ પહેલાં પ્રેરણા વિદ્યાલય દ્વારા સૅક્ટર-૩,૪,૫માં યોજવામાં આવેલી આ રથયાત્રામાં આ વખતે નવાં સૅક્ટર્સની સામાજિક સંસ્થાઓ, આગેવાનો અને સ્થાનિક મંડળો પણ જોડાયાં છે અને આ રથયાત્રા સૅક્ટર-૫, ૪, ૩, ૨ તથા સૅક્ટર-૬માંથી પસાર થશે.

તા. ૪ જુલાઈ ને ગુરુવારે સવારે ૭.૩૦ કલાકે આ રથયાત્રાનો આરંભ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ એ ખાતેથી કરવામાં આવશે.

પ્રેરણા બાળરથયાત્રાના આયોજન માટે સોમવારે પ્રેરણા વિદ્યાલય ખાતો સામાજિક અગ્રણીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું અનો આયોજન સમિતિની રચના કરવામાં આવી હતી. અધ્યક્ષ તરીકે કનૈયાલાલ પંડ્યા, ઉપાધ્યક્ષ તરીકે જયેશભાઈ આગજા, તેજાભાઈ દેસાઈ, મહામંત્રી તરીકે પ્રદીપસિંહ બિહોલા, પ્રચારમંત્રી હિમાંશુ ભચેચ, સભ્ય તરીકે મનીષભાઈ ખત્રી, ગોપાલભાઈ સોલંકી, જશવંતસિંહ ડાભી, શરદભાઈ કે. પટેલ, ડૉ. એચ ટી પરમાર, ઘનશ્યામસિંહ ગોલ, સુરેન્દ્રસિંહ વાઘેલા, વાસુદેવભાઈ સુથાર, નટુભા જાડેજા, રશ્મિકાંત પંડ્યા, વિનોદભાઈ ભટ્ટ અનો રાજેન્દ્રભાઈ આર પટેલની વરણી કરવામાં આવી હતી.

નગરના સૌ ભાવિકોને આ બાળરથયાત્રામાં જોડાઈને પ્રભુનાં દર્શનનો લ્હાવો લેવા સમગ્ર યાત્રા સમિતિ તરફથી પ્રદીપસિંહ બિહોલા દ્વારા ભાવભર્યું નોતરું પાઠવવામાં આવ્યું છે.


**પ્રેરણા બાળરથયાત્રાનો રૂટ**

- આરંભ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ એ
- સૅક્ટર-૫ સી, બી
- શનિદેવ મંદિર
- ઓમકારેશ્વર મંદિર
- સૅક્ટર-૩ ન્યુ
- સૅક્ટર-૪ સી, બી
- સૅક્ટર-૪ એ
- ગ રોડથી ગ-૧
- શિવશક્તિ મંદિર
- બગીચા પાસેથી પસાર થઈ ઍસઍસવી કૅમ્પસ
- સૅક્ટર-૨ બી, એ, ડી, સુવિધા કચેરી થઈ સાંઈબાબા મંદિર,
- રામેશ્વર મંદિર થઈ સૅક્ટર-૬ સ્વામિનારાયણ મંદિર,
- સરસ્વતી સ્કૂલ ખાતે સંપન્ન

**જન્મદિને વધામણી**



રંજનબેન જે શ્રીમાળી
મો. ૯૪૨૭૬ ૨૦૭૨૩



ઈન્દ્રજિતસિંહ જાડેજા



તન્મય પટેલ



ધૃમિલ સુખડિયા



હર્ષ વિનોદ ઉદેચા

# અશ્વિનભાઈ એ પટેલ કૉલેજમાં ઓરિએન્ટેશન



### પ્રથમ વર્ષ બીકૉમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ, સ્પોર્ટ્સ, એનએસએસ, કલ્ચરલ પ્રવૃત્તિઓ, લાયબ્રેરી, વુમન ડેવલપમેન્ટ સેલ અને સર્વ નેતૃત્વ લીડરશીપ પ્રોગ્રામ, હોસ્ટેલ અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા પ્રથમ વર્ષ બીકૉમના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન મંગળવારે સવારે શેઠ ખીમજી વિશરામ હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

આ વર્ષે પ્રથમ વર્ષ બીકૉમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ, સ્પોર્ટ્સ, એનએસએસ, કલ્ચરલ પ્રવૃત્તિઓ, લાયબ્રેરી, વુમન ડેવલપમેન્ટ સેલ, વુમન એન્ટરપ્રેન્યર સેલ, સર્વ નેતૃત્વ લીડરશીપ પ્રોગ્રામ, સ્ટુડન્ટ્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને હોસ્ટેલ અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા અને તેમની પ્રગતિ માટે કૉલેજ તરફથી સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. ધાર્મિની મહેતા અને ડૉ. જીનાલી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દીલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરના વિદ્યાર્થી બેડમિન્ટનની ડબલ્સ ટુર્નામેન્ટમાં ઝળક્યા



ગાંધીનગર, તા. ૨


ગુજરાત પ્રિમિયર સ્કૂલ લીગ બેડમિન્ટન ચેમ્પિયનશીપનું આયોજન ૨૮થી ૩૦ જૂન દરમિયાન અમદાવાદ ખાતે થયું હતું. જેમાં ગાંધીનગર અને અમદાવાદની ઘણી શાળાઓએ ભાગ લીધો હતો. દીલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરના વિદ્યાર્થી ડિઓન રોડ્રીક્સ અને વિમલ કુમારે અન્ડર-૧૭ વયજૂથમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને પુરસ્કાર મેળવ્યો હતો.

આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય અતનુ રથે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# આઈઆઈટી દ્વારા આયોજિત ઈનોવેશન ઈવેન્ટ સંપન્ન







ગાંધીનગર, તા. ૨

આઈઆઈટી, ગાંધીનગર દ્વારા આયોજિત ઈન્વેન્ટ ઈવેન્ટનો સમાપન સમારોહ મંગળવારે યોજવામાં આવ્યો હતો. ૬ સપ્તાહની આ ઈવેન્ટ માટે દેશભરની આઈઆઈટીમાંથી વિદ્યાર્થીઓ ગાંધીનગર ખાતે એકત્ર થયા હતા. બોમ્બે, ધનબાદ, ધારવાડ, ગાંધીનગર, ગોવા, ગુવાહાટી, ખડગપુર, મદ્રાસ અને પલક્કડ આઈઆઈટીના ૨૮ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા અને તેમને ૧૪ ટીમમાં વહેંચવામાં આવ્યા હતા. ૬ સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓએ ઈનોવેશનની કલ્પના કરી હતી અને તેને સાકાર કરી પ્રોટોટાઈપ તૈયાર કરી તેના પેટન્ટ માટેની ફાઈલ પણતૈયાર કરી હતી. આઈઆઈટી પલક્કડના પ્રબલ વશિષ્ટ અને પારૂલ સંગવને બેસ્ટ ઈનોવેશન પ્રાઈઝ જીતી લીધું હતું, જેની સાથે તેમને રૂપિયા બે લાખની રકમ પ્રાપ્ત થઈ હતી. ૧ લાખનું દ્વિતીય ઈનામ આર નાંબિલક્ષ્મી (બોમ્બે) અને પ્રથમેશ દેશમુખ (ખડગપુર)ને તથા ૫૦ હજારનું ત્રીજું ઈનામ સમૃદ્ધિ પતાસ્કર અને કલશ નિબ્જિયા (ખડગપુર)ને પ્રાપ્ત થયું હતું.

# ગાંધીજીનો વિનોદ

॥ ૭૩મો મણકો ॥

**મુક્ત હાસ્ય**

એસ એસ પીલસાના પરની દરિયાઈ મુસાફરી તો આશ્ચર્યજનક હતી. ડેક પર અમે બધા જ એક હારમાં સૂઈ જતા. અને ગાંધીજી તો બહુ જ રમૂજી, આનંદી હતા. તેઓ રમૂજી ટુચકાથી હિંદી રીતભાત, હિંદી ખોરાક વિશે વાતો કરતા અને સાચા માતૃહ્રદયથી મિત્રોની સગવડ જોતા.

- એડમન્ડ પ્રાઈવેટ

મેં જિદ્દીપણે મારા હાથમાં ગુલાબનાં ફૂલો પકડી રાખ્યાં અને ભ્રમર ચઢાવી તેમના તરફ ફેંક્યાં. બાપુએ તેમના આનંદી હાસ્ય સાથે મારા ગાલે ટપલી મારી. જે તેમનો પ્રેમ વ્યક્ત કરવાની રીત હતી.

- નયનતારા સહગલ

અમે તો બાપુ સાથે બેસીને વાતે વળ્યાં હતાં. પણ મારો સાડા ત્રણ વરસનો રાજીવ જાસ્મિન ફૂલોની વેણી કરી તેમના પગે બાંધતો. તો કોઈક વાર તેમના અંગૂઠાને તે માળા પહેરાવતો. બાપુ હસતા, ગમ્મત કરતા અને મજાક પણ ઉડાવતા ત્યારે કલ્પનાય નહોતી કે આ બોખું હાસ્ય અમને ફરી જોવાનું નહીં મળે અને તેમના રક્ષણની હૂંફ પણ નહીં મળે.





- ઈન્દિરા ગાંધી

ગાંધીજીના વિનોદમાં એક પ્રકારનું રમતિયાળપણું હતું. તેથીતેઓ કોઈને ખખડાવી નાખતા તો પણ તેમને ખોટું લાગતું નહીં.

- હોરેસ જી. ઍલેક્ઝાન્ડર

ભારતમાં કોઈ અત્યંત અસાધારણ અને રસપ્રદ વ્યક્તિને હું મળ્યો હોઉં તો તે મહાત્મા ગાંધી હતા.

- લૉર્ડ કેઈસી

હજારો સ્ત્રીઓ અને પુરુષોએ તેમનાં દર્શન કરી ધન્યતાની લાગણી અનુભવી છે અને તેમના નિરંતર સ્મિત કરતા ચહેરાએ તે સૌનાં હૃદય જીતી લીધાં છે.

ટી એસ અવિનાશલિંગમ

તેમનું સ્મિત દરેક જણ પર જાદુ પાથરી દેતું. તેમનો વિનોદ અને મર્મ સહજ અને મૌલિક હતા.

- કૅથેરાઈન ઓવેન્સ પેરી

બીજા સંદર્ભમાં તેઓ હસ્યા. જ્યારે તેઓ હસ્યા ત્યારે તેમનો સમગ્ર ભાવ બદલાઈ ગયો. તેમની આંખો ચમકવા લાગી અને હાસ્ય બાળકના હાસ્ય જેવું સરળ હતું.

- આનંદશંકર રૉય

તેમના ચારિત્ર્યનું સૌંદર્ય ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે તેઓ હસો છે અને ત્યાર પછી બાળકનું માધુર્ય અને સાદાઈ તેમની આસપાસ ફરી વળે છે.

એ ધૂર્ત અને તોફાની છાંટવાળા ડોસા.

- ફેનર બ્રોકવે

નહીં મળે એ ફરી મુક્ત હાસ્ય
નહીં જડે એ નિર્વૈર વાણી
અને ફરીથી યુગનાય અંતે
ના સંત આવો જગતેય સાંપડે

- નારદ

# વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ના અંદાજમાં ૩ લાખને નોકરી

ગાંધીનગર, તા.૨

વિધાનસભાના બજેટ સત્રનો આજે સવારે ૧૧-૦૦ વાગ્યે પ્રારંભ થયા બાદ એક કલાક પ્રશ્નોત્તરીનો સમય ફાળવવામાં આવ્યો હતો. આ પ્રશ્નોતરીકાળ દરમ્યાન વિવિધ સવાલ-જવાબ કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાત પોલીસના રાજસ્થાનમાંથી દારૂ લાવવાથી લઈ વાઈબ્રન્ટ ગુજરાત સમીટ, તેમાં અંદાજવામાં આવેલી રોજગારી સહિતના અનેક સવાલોનો સમાવેશ થતો હકતો.

જો કે, વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન ભાજપની રૂપાણી સરકાર વાયબ્રન્ટ સમીટના અંદાજવામાં આવેલા રોજગારી આંક મુદ્દે બેકફુટ પર આવી ગઈ હતી. સરકાર દ્વારા નિખાલસ સ્વીકાર કરાયો હતો કે, વાઈબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૫ અને ૨૦૧૭માં રોજગારીનો આંકડો સામે આવ્યો છે, તેમાં વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૫માં ૨૯,૧૪,૦૦૦ રોજગારીના અંદાજ સામે ફક્ત ૫,૦૪,૪૦૦ રોજગારીનું સર્જન થયું હતુ, જ્યારે ૨૦૧૭ની વાઈબ્રન્ટ સમીટમાં ૪૨,૯૭,૮૦૦ જેટલા રોજગારીના અંદાજ સામે ફક્ત ૩,૦૮,૨૦૦ રોજગારીનું સર્જન થયું હતું. આમ, રોજગારી મુદ્દે સરકારની નિષ્ફળતા સામે આવી હતી. બીજીબાજુ, ગુજરાત પોલીસ રાજસ્થાનથી દારૂ લાવી હોવાનો ગૃહમાં ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહે સ્વીકાર કર્યો હતો.

# અમદાવાદમાં શનિવારે સાહિત્યસફર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા સુભાષ ભટ્ટ (કલા નિર્દેશક-હેપ્પી સ્ટુડિયો)ના સહયોગથી તારીખ ૬ જુલાઈ ને શનિવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે મિલ ઑનર્સ બિલ્ડીંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ), સિટી ગોલ્ડ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, પત્રકાર રજનીકુમાર પંડ્યાના ૮૨મા જન્મદિન પ્રસંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.



સાહિત્યસફર 'શબ્દજયોતિ'

આ પ્રસંગે રજનીકુમાર પંડ્યા પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપશે. આ કાર્યક્રમને માણવા સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી. સૌ સાહિત્યરિકોને કાર્યક્રમ માણવા આયોજક સંસ્થા તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સરકારી યુનિવર્સિટીઓનું સ્તર સુધારવા સરકાર એક્શનમાં


### રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ દેશની ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજો સાથે સ્પર્ધા કરીને ટોપ ૧૦૦માં સ્થાન મેળવી શકે તેવા હેતુસર યુનિવર્સિટીઓમાં મહત્વના ફેરફાર કરવા માટે સરકાર દ્વારા પાંચ વર્ષનો એક્શન પ્લાન તૈયાર કરવાનું નક્કી કરાયું

ગાંધીનગર, તા. ૨

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ દેશની ખાનગી યુનિવર્સિટીઓ અને કોલેજો સાથે સ્પર્ધા કરીને ટોપ ૧૦૦માં સ્થાન મેળવી શકે તેવા હેતુસર યુનિવર્સિટીઓમાં મહત્વના ફેરફાર કરવા માટે સરકાર દ્વારા પાંચ વર્ષનો એક્શન પ્લાન તૈયાર કરવાનું નક્કી કરાયું છે. આ માટે રાજ્યની પાંચ યુનિવર્સિટીના કુલપતિઓની કમિટીની રચના કરાઈ છે. આ કમિટીના અધ્યક્ષ તરીકે કેસીજીના એડવાઈઝર પ્રો.એ.યુ.પટેલને નિયુક્ત કરાયા છે. આ કમિટીએ આગામી એક માસમાં અહેવાલ તૈયાર કરીને સરકારને સુપરત કરવાનો રહેશે.

રાજ્યની યુનિવર્સિટીઓ દેશની ટોપ યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવવી જોઈએ તેવું શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વારંવાર જાહેરમાં કહી ચુક્યા છે. પરંતુ હજુ સુધી સરકારી યુનિવર્સિટીઓ આ વાત સિદ્ધ કરી શકી નથી. તાજેતરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં જુદી જુદી યુનિવર્સિટીના કુલપતિઓની એક બેઠક મળી હતી. આ બેઠકમાં યુનિવર્સિટીઓના વિકાસ માટે એક્શન પ્લાન તૈયાર કરવાનું નક્કી કરાયું હતું. સરકારી યુનિવર્સિટીઓમાં શિક્ષણનુ સ્તર ઊંચું આવે, શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ યુનિવર્સિટીઓની પ્રતિષ્ઠા રેન્કમાં વધારો થાય તે માટેના પ્રયાસો કરાશે. શિક્ષણમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય અને સરકારી યુનિવર્સિટીઓ દેશની નામાંકિત ખાનગી સંસ્થાઓ સાથે હરિફાઈ કરી શકે તે માટે સરકારી યુનિવર્સિટીઓમાં જરૂર પડે તે પ્રકારના સુધારા વધારા કરવાનું નક્કી કરાયું છે.

નોલેજ સોસાયટી ઓફ ગુજરાત (કેસીજી)ના સલાહકાર અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રો.એ.યુ.પટેલના અધ્યક્ષસ્થાને પાંચ કુલપતિઓની એક કમિટી બનાવાઈ હતી. આ પાંચ સભ્યોમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.હિમાંશુ પંડયા, એમ. એસ. યુનિવર્સિટીના કુલપતિ ડો. પરિમલ વ્યાસ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડો. શિરીષ કુલકર્ણી, આંબેડકર યુનિવર્સિટીના કુલપતિ ડો.અમી ઉપાધ્યાયની નિમણૂક કરવામાં આવી છે. આ કમિટી આગામી દિવસોમાં સરકારી યુનિવર્સિટીઓ નેક, AICTE, NRRF અને વર્લ્ડ રેકિંગના ધારાધોરણોનો અભ્યાસ કરીને યુનિવર્સિટીઓમાં જરૂરી ફેરફારો કરવાની ભલામણ કરશે. જરૂર પડે આ કમિટી કુલપતિ, રજિસ્ટ્રાર, વિવિધ કોલેજના આચાર્યો, અધ્યાપકો, વહીવટી અધિકારીઓ અને વિ?વિધ મંડળો સાથે બેઠક કરીને વિચારણા કરી શકશે. આ કમિટી દ્વારા દરેક યુનિવર્સિટીમાં કયા પ્રકારના ફેરફારો જરૂરી છે તેની ભલામણને લગતો અહેવાલ તૈયાર કરી સરકારને સોંપશે.





'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર